## (એનીમલ ન્યુસન્સ કંટ્રોલ ડીપાર્ટમેન્ટ)એ.એન.સી.ડી

### -: જાહેર નિવિદા :-

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/એજન્સી/પેઢી માટે જરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઇન વેબસાઇટ http://bmc.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો ભાવનગર મહાનગરપાલિકાની www.bmcgujarat.com પર જોઈ શકાશે.

| ક્રમ | કામનું નામ | કામની અંદાજીત કિંમત | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. રકમ | ટેન્ડર ભરવાનું શરૂ થવાની તારીખ | ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ સબમીટ કરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાંથી રખડતા પશુઓ પકડીવા માટેનુ ટેન્ડર | ૫૦.૦૦,૦૦૦/- | ૧૫૦૦/- | ૫૦,૦૦૦/- | ૦૯/૦૧/૨૦૨૫ | ૨૩/૦૧/૨૦૨૫ | ૨૮/૦૧/૨૦૨૫ | ૨૮/૦૧/૨૦૨૫ |

07.01.25

વેટરનરી ઓફીસર

એ.એન.સી.ડી. વિભાગ

મહાનગરપાલિકા ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા

## સર મંગળસિંહજી રોડ, ભાવનગર

| શહેરમાંથી રખડતા પશુ પકડવા માટેનું ટેન્ડર | |
|---|---|
| કામગીરીની વિગત તથા સમય મર્યાદા | |
| ભાવનગર મહાનગરપાલિકાના તમામ વિસ્તારના રહેણાંક તેમજ જાહેર રસ્તાઓ ઉપર સર્કલો, શાકમાર્કેટ, વિસ્તારોના રખડતા પશુઓને પકડીને પશુ ડબ્બામાં પુરવા તેમજ પશુડબાના પશુઓને સુચવેલ પાંજરાપોળના વાહનમાં ચઢાવવા સહીતનું કામ | |
| ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ઓનલાઇન બીડ સબમીશનની છેલ્લી તારીખ | તા- ૨૩/૦૧/૨૦૨૫ સાંજના ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોક્યુમેન્ટ, ઇએમડી તથા ભાવો ભરેલ ટેન્ડર પહોચતું કરવાની છેલ્લી તારીખ | સીલ બંધ કવર વેટરનરી ઓફીસર એ.એન.સી.ડી. વિભાગ, ચોથા માળ,મહાનગરપાલિકા, ભાવનગર તા. ૨૮/૦૧/૨૦૨૫ સાંજના ૧૭:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાનો સમય | તા.-૨૮/૦૧/૨૦૨૫ ના સાંજના ૧૭:૧૦ કલાકે |

૦૭.૦૧.૨૫
વેટરનરી ઓફિસર
એ.એન.સી.ડી.વિભાગ
મહાનગરપાલિકા
ભાવનગર

ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારના રહેણાંક તેમજ જાહેર રસ્તાઓ ઉપર સર્કલો,શાકમાર્કેટ,વિસ્તારોના રખડતા પશુઓને પકડીને પશુ ડબ્બામાં પુરવા તેમજ પશુડબાના પશુઓને સુચવેલ પાંજરાપોળના વાહનમાં ચઢાવવા અંગેના કામની શરતો

## "શરતો"

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ડોકયુમેન્ટ સાથે અત્રેની કચેરીએ નકકી કરેલ ટેન્ડર ફી રૂ.૧૫૦૦/- ડી.ડી.ના સ્વરૂપમાં અને રૂ.૫૦,૦૦૦/-(પચાસ હજાર પુરા) ઇ.એમ.ડી.ની ડીમાન્ડ ડ્રાફટ અથવા એફ.ડી.આરના સ્વરૂપમાં કમિશનર, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના નામની રાષ્ટ્રીયકૃત/શેડ્યુલબેંક, ગુજરાત સરકાર માન્ય બેંકની રજુ કરવાની રહેશે અન્ય કોઇ રીતે સ્વીકારવામાં આવશે નહી.

(૨) ટેન્ડર ફી તથા ઇ.એમ.ડી. ડીપોઝીટ ભર્યા વગરના ટેન્ડર ધ્યાન પર લેવામાં આવશે નહી તથા ટેન્ડર રદ ગણવામાં આવશે.જે બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમની અર્નેસ્ટમની ડીપોઝીટ નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ ઇ.એમ.ડી.ડીપોઝીટની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.

(૩) ભાવ મંજુર કરવા અત્રે કમિશનરશ્રી,મહાનગરપાલિકા ભાવનગરનોનિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૪) ટેન્ડર મંજુર થયેથી એજન્સીએ ટેન્ડર રકમના ૫% સિકયુરીટી ડીપોઝીટ પેટે ફકત ડીડીથી ભરવાના રહેશે.

(૫) નિયત સમયમાંએગ્રીમેન્ટ કરવામાં નિષ્ફળ જશે તો બિડરની અર્નેસ્ટમની રકમ જપ્ત કરવામાં આવશે.

(૬) બિડરનું કામ કોન્ટ્રાકટનાં સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટની મુદત પુરી થયે બીડર દ્વારા સિકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સીકયોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૭) સરકારશ્રી તરફથી નિયત કરવામાં આવેલ ઇન્કમટેક્ષ તેમજ અન્ય ટેક્ષની રકમ નિયમોનુસાર બિડરના બીલમાંથી કાપવામાં આવશે.બિડરે ટેન્ડરમાં સરકારશ્રીના તમામ ટેક્ષ સાથે ભાવો આપવાના રહેશે.

(૮) કમિશનરશ્રી મહાનગરપાલિકા ભાવનગર કોઇપણ જાતનુ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર રદ કરી શકશે.

(૯) આ કરાર અંગે કોઇ વાદવિવાદ ઉપસ્થિત થશે તો,તે ફકત ભાવનગર જયુરીસ્ડીકશનમાં જ ચાલી શકશે.

(૧૦) આ કોન્ટ્રાકટ દરમ્યાન કોન્ટ્રાકટરશ્રી દ્વારા કોઇપણ પ્રકારની ગેરરીતી આચરતા હોવાનુ માલુમ પડશે અને ભાવનગર મહાનગરપાલિકા ને કોઇપણ પ્રકારનુ આર્થિક નુકશાન થતુ હોવાનુ માલુમ પડશે તો આ કોન્ટ્રાકટ કોઇપણ જાતની નોટીસ વગર રદ કરવામાં આવશે,કોન્ટ્રાકટરની સીકયુરીટી ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે,તથા કોન્ટ્રાકટરને ભાવનગર મહાનગરપાલિકાના આ કામ માટે બ્લેકલીસ્ટ કરવા સુધીની કાર્યવાહી થઇ શકશે.

(૧૧) ટેન્ડર સંબંધી કોઇ વાંધો હોય તો બિડરે કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે.આ બાબતે કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બિડરને બંધનકર્તા રહેશે.

(૧૨) આ કામ સંબંધે કોઇ શરતોમાં સમાવેશ થતો ન હોયઅથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઇ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો કમિશનરશ્રી, ભા.મ.ન.પા.નો નિર્ણય અંતિમ રહેશે.તે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે.સંજોગોવસાત, જરૂર જણાયે કમિશનરશ્રી, ભા.મ.ન.પા.આ કોન્ટ્રાકટ રદ કરી શકશે.

(૧૩) ટેકનીકલ બીડ(ટેન્ડર ડોકયુમેન્ટ)માં જરૂરી લાયકાતના ડોકયુમેન્ટ,ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટની ફી રજુ કરેલ હશે અને લાયકાત ધરાવતા હશે એ જ પાર્ટીઓના પ્રાઇસબીડ ખોલવામાં આવશે.

(૧૪) ટેકનીકલ બીડ (ટેન્ડર ડૉકયુમેન્ટ)તથા પ્રાઇસબીડ (અલગ કવરમાં સીલ કરી) સીલ બંધ કવરમાં ફકત રજી પોસ્ટથી વેટરનરી ઓફિસરશ્રી,પશુત્રાસ નિયંત્રણ વિભાગ, મહાનગરપાલિકા, મંગળસિંહજી રોડ,કાળાનાળા ભાવનગર મહાનગરપાલિકા નિયત સમયમર્યાદામાં પહોચતુ કરવાનુ રહેશે.કવર ઉપર રખડતા પશુ પકડવા માટેનુ ટેન્ડર એ પ્રમાણે સ્પષ્ટ લખવાનુ રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર બીડ માન્ય રહેશે નહિ.

(૧૫) ટેન્ડર ભરનારે ટેકનીકલ બીડમાં રજુ કરેલ તમામ દસ્તાવેજોની નકલો પ્રમાણીત કરી મોકલવાની રહેશે.

(૧૬) ભાવો ભરનારે પોતાના ભાવ એક પશુ લેખે ભાવ આપવાનો રહેશે.

(૧૭) પશુ પકડવા માટે જરૂરી વાહનો અને સાધનો જેવા કે,દોરડા,લાકડી કે અન્ય જરૂરી સાધનોનો ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૧૮) પકડવામાં આવેલ પશુઓને ઓળખ માટે મહાનગરપાલિકા દ્વારા નિયત કરેલ એજન્સી પાસે ટેગિંગ/RFID માઇક્રોચીપ લગાવવાના રહેશે આ માટે જરૂરી ટેગ/ RFID માઇક્રોચીપ મહાનગરપાલિકા પાસેથી મેળવવાના રહેશે.અને જો પકડવામાં આવેલ પશુને અગાઉથી ટેગ લાગેલ હશે તો તેની જાણ લેખિતમાં કરવાની રહેશે.

(૧૯) ભાવ ભરનાર એજન્સીએ ઓછામા ઓછા માસિક ૩૦૦ પશુઓ પકડવાના રહેશે અને જો મહાનગરપાલિકા દ્વારા વધુ પશુ પકડવાનુ લેખિતમાં જણાવવામાં આવે તો વધુ ટીમો બનાવી જણાવવામાં આવે તેટલી સંખ્યામાં પશુ પકડવાના રહેશે. જો ટાર્ગેટ કરતા ઓછા પશુ પકડવામાં આવશે તો રૂ.૨૦૦/- પશુ દીઠ જેટલા પશુ ઓછા પકડેલ હશે તે મુજબ પેનલ્ટી વસુલવામાં આવશે.

(૨૦) પકડવામાં આવેલ પશુઓનું ટેગીંગ થયેલ હશે તે જ પશુઓના નાણાં ચૂકવવામાં આવશે.અને ટેગીંગનો ખર્ચ બીડરે ભોગવવાનો રહેશે. તે માટેના ટેગ/ RFID માઇક્રોચીપ ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વિનામુલ્યે આપવામાં આવશે.

(૨૧) ઢોર પકડવા માટેના લો-બેડ ટ્રેલર ભાવનગર મહાનગરપાલિકા કચેરીથી ફાળવવામાં આવે તો ઇજારાના સમય દરમિયાન તેના મેન્ટેનન્સ, રીપેરીંગ, ટાયર, ડિઝલ તથા ડ્રાઇવર વગેરેના ખર્ચની જવાબદારી ઇજારાદારની રહેશે. ઇજારો પૂર્ણ થયા બાદ લો-બેડ ટ્રેલર મૂળ હાલતમાં ભાવનગર મહાનગરપાલિકાને પરત કરવાના રહેશે. જો ભાવનગર મહાનગરપાલિકા કચેરીથી વાહનો અને પાંજરા ફાળવવામાં ન આવે તો કામગીરી માટે જરૂરી તમામ વાહનોની વ્યવસ્થા ઇજારાદારે કરવાની રહેશે. વાહનો અને લો-બેડ ટ્રેલર બાબતે સરકારશ્રીની જે કોઇ સુચનાઓ હશે તે ઇજારદાર સ્વખર્ચે ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૨૨) કોન્ટ્રાકટરે પશુ પાર્ટીની સાથે એક સ્માર્ટ ફોન ફાળવી આપવાનો રહેશે. તેમાં વોટસએપ એપ્લીકેશન દ્વારા મહાનગરપાલિકાના પદાધિકારીશ્રી/અધિકારીશ્રી/કર્મચારીશ્રી તેમજ નગરજનો દ્વારા ફરીયાદો તેના ઉપર મળી રહે અને તેનું નિરાકરણ લાવી તેની જાણ કરવાની રહેશે.

(૨૩) રથયાત્રા, VIP બંદોબસ્ત, કોન્વોય રૂટ, રેલી વગેરેના રૂટ ઉપર જો પશુઓ દુર કરવાના થાય તો ઇજારદારે બેલદાર ફાળવવાના રહેશે જેના માટે અલગથી ભાવો આપવાના રહેશે.

(૨૪) જો મહાનગરપાલિકા પોતાની ટીમ સાથે પશુ પકડવા માટેની કામગીરી કરવાનુ નકકી કરે તો ઇજારદારે લો-બેડ ટ્રેલરમાં અને જોઇન્ટ થઇ શકે તેવુ ફકત ટ્રેકટર (ટ્રોલી વગર) ફાળવવાનુ રહેશે અને તેના ભાવ પરિશિષ્ટમાં અલગથી ભરવાના રહેશે. જેમા ડ્રાઇવર, ડીઝલ વગેરે ખર્ચ સાથે ભાવ ભરવાનુ રહેશે.

(૨૫) મંજૂર થયેલ એજન્સીએ તેઓના મજુરોની/સ્ટાફની કામગીરી દરમ્યાન કોઇ પણ પ્રકારના અકસ્માત અંગેની જવાબદારી જે તે ઇજારદારની પોતાની અંગત રહેશે. અને કામગીરી કરનાર સ્ટાફની વિમા વગેરે કાયદાકીય સુરક્ષા લેબર એક્ટ જોગવાઇઓ મુજબ આપવાની રહેશે. કામદાર સ્ટાફને કોઇ પણ કુદરતી કે કૃત્રિમહાની/ઇજા/જાનહાની થાય તેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે. ભાવનગર મહાનગરપાલિકા આ માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહી કે કોઇપણ જાતનુ વળતર ચુકવશે નહી.

(૨૬) એજન્સીએ અત્રેની કચેરીએથી સોપવામા આવે તે સ્થળની કામગીરી પોતાના મજુરોની સાથે હાજર રહી કામ કરાવી શકે તેવા સુપરવાઇઝર મુકવાના રહેશે.

(૨૭) ભાવો મંજૂર થયેથી એજન્સીએ Rs.300/-ના સ્ટેમ્પ પેપર ઉપર કરારનામુ કરવાનું રહેશે.

(૨૮) એજન્સીએ મહાનગરપાલિકા તરફથી આપવામા આવતી વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૯) કોઇ પણ પ્રકારનુંશરતી ટેન્ડર સ્વિકારવામાં આવશે નહી. ટેન્ડર ભરનારે ટેન્ડરની તમામ શરતો સમજીને ટેન્ડર ભરવાના રહેશે. તથા પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી.

(30) કોઇ પણ ટેન્ડર સ્વિકારવા/ખોલવા કે માન્ય/અમાન્ય રાખવાની સત્તા કમિશનર મહાનગરપાલિકાની અબાધિત રહેશે. અને તે અંગે કોઇ પણ ખુલાસો મહાનગરપાલિકાએ આપવાનો રહેશે નહી.

(૩૧) સરકારશ્રીના લાગુ પડતા વખતોવખતના તમામ પ્રકારના ટેક્ષ મંજૂર થયેલ ભાવવાળા ઇજારદારે ભરવાના રહેશે.

(૩૨) આપેલ ઓર્ડર અનિવાર્ય સંજોગોમાં બદલવાની સત્તા કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

(33) ટેન્ડરની તમામ શરતો સંપૂર્ણપણે સમજીને જ ભાવ ટેન્ડર ભરવાના રહેશે. એક વખત ભાવ આપ્યા બાદ કોઇ પણ રજૂઆત સાંભળવામા આવશે નહી.

(૩૪) મહાનગરપાલિકા મારફતે દિવસે/રાત્રે જ્યારે પશુ પકડવાનું જણાવવામા આવે ત્યારે તાત્કાલિક પશુ પકડવાની કામગીરી શરૂ કરવાની રહેશે.

(૩૫) ભરેલ ટેન્ડર તા:૨૮/૦૧/૨૦૨૫ ના રોજ સમય સાંજના ૦૫:૦૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. તે સિવાયના આવેલ ટેન્ડર સ્વિકારવામાં આવશે નહી.

(૩૬) ઇજારદારે પૂર્વ લાયકાત અંગેની વિગતો પરિશિષ્ટ ૧ માં રજૂ કરવાની રહેશે. તેમાં જણાવેલ વિગતો પરિપૂર્ણ થનાર એજન્સીના ઓનલાઇન ભાવો ખોલવામાં આવશે.

(૩૭) એજન્સીએ મંજુર રહેલ કામની રકમના ૫% સીક્યુરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. સીક્યુરીટી ડીપોઝીટ એગ્રીમેન્ટ સાથે રજુ કરવાની રહેશે અને ત્યારબાદ જ વર્કઓર્ડર આપવામાં આવશે.

(૩૮) પશુ પકડવાની કામગીરી દરમ્યાન પોલીસ બંદોબસ્ત ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પુરો પાડવામાં આવશે.

(૩૯) પરિશિષ્ટ - ૧,૨,૩ માં વિગતો ભરી રજુ કરવાની રહેશે.

(૪૦) ન્યાયિકક્ષેત્ર ભાવનગર રહેશે.

(૪૧) એજન્સીએ આ કામગીરી માટે રાખેલા તમામ સ્ટાફ/કામદાર-મજુરોને સરકારશ્રીના લેબર લો પ્રમાણેનું મહેનતાણું ચુકવવાનું રહેશે અને તે કાયદા અન્વયે મળવાપાત્ર તમામ લાભોની સવલતો આપવાની રહેશે.

(૪૨) કર્મચારીઓ/કામદારોને લગતા તમામ લેબર લોનો અમલ ઇજારદારે કરવાનો રહેશે જરૂરી લાયસન્સ,મંજુરી,વીમો તમામ જવાબદારી ઇજારદારની રહેશે.

(૪૩) વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ટેન્ડરની મુદત એક વર્ષની રહેશે.અને મહાનગરપાલિકા વર્ષ દરમ્યાન જયારે જણાવે ત્યારે કામગીરી કરવાની રહેશે. ટેન્ડરની મુદત પુર્ણ થયેથી સંતોષકારક કામગીરી જણાયે મહાનગરપાલિકાને યોગ્ય લાગશે તો વધુસમય માટે કામગીરીનો સમયગાળો લંબાવવામાં આવશે અને તે સમય દરમ્યાન એજન્સીએ મૂળ કરારના ભાવથી ૫% વધારા સાથે કામગીરી કરવાની રહેશે.

(૪૪) સદર એજન્સી દ્વારા કામગીરી અધ-વચ્ચે બંધ કરવામાં આવે અથવા ટેન્ડરના સમયગાળા દરમિયાન છોડી દે અથવા લેખીતમાં જાણ કર્યા સિવાય કામગીરી બંધ કરવામાં આવે ત્યારે સદર એજન્સીનો વર્કઓર્ડર રદ કરી તેની જમા સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવા તેમજ બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી કરવાની સત્તા માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

(૪૫) ઓર્ડર મળ્યાથી દિવસ – ૧૦ માં કામગીરી શરૂ કરવાની રહેશે. અન્યથા પ્રતિ દિવસ રૂ.૧૦૦૦/- સુધીની પેનલ્ટી કરવામાં આવશે.

(૪૬) પશુ પકડવા માટે રાખવામાં આવેલ કામદારોને લઘુતમ વેતન દર મુજબ પગાર ચુકવવાનો રહેશે અને પી.એફ., ઇ.એસ.આઇ., નિયમોનુસાર આપવાના રહેશે જેની સંપૂર્ણ વિગતો રજુ કર્યા બાદ જ અત્રેથી બીલ ચુકવણાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪૭) મહિનો પૂર્ણ થયે કરેલ કામગીરી ભાવનગર મહાનગરપાલિકાના અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થઇ આવે તે મુજબ બિલનું ચુકવણું માસવાર કરવામા આવશે.

(૪૮) ટેન્ડરની તમામ શરતો વાંચી,સમજી,વિચારીને ભાવ ભરેલ છે.જે તમામ શરતો મને બંધનકર્તા છે અને તેની સાથે હું સહમત છું.તે મુજબનું એગ્રીમેન્ટ કરવાનું રહેશે.

(૪૯) પશુ પકડતા નગરજનોને કે, પાર્કિંગ વાહનોને કોઇ નુકશાન, ઇજા કે જાનહાની ન થાય તેની તકેદારી, જવાબદારી એજન્સીની રહેશે.તે માટે મહાનગરપાલિકા કોઇપણ રીતે જવાબદાર રહેશે નહી કે કોઇ વળતર પણ આપવામાં આવશે નહી.

(૫૦) ટેન્ડર બાબતે સરકારશ્રીના કોઇ કાયદા જેવા કે પશુ અત્યાચાર નિવારણ, પશુ પરીવહનને લગત તથા તેને લાગુ પડતા તેમજ પોલીસ કાયદા અન્વયે કોઇ લાયસન્સ/મંજુરી મેળવવાની આવશ્યક હોય તો એજન્સીએ તે મંજુરી મેળવી લેવાની રહેશે.

(૫૧) પશુ પકડવાનું કામ કરતા કર્મચારી/સ્ટાફને એજન્સી દ્વારા ઓળખપત્ર આપવાના રહેશે તેમજ ફરજ દરમ્યાન ધારણ કરવાના રહેશે.

(૫૨) ઇજારાદાર દ્વારા પશુ પકડવા, પશુ સાર-સંભાળ, પશુ પાલનને લગત કામગીરીનો અનુભવ અથવા વર્કઓર્ડર રજુ કરવાનો રહેશે.

(૫૩) વર્કઓર્ડર મળ્યે દિન-૧૦ માં કામગીરી ચાલુ કરવાની રહેશે. જે આપેલ સમય અવધીમાં કામગીરી ચાલુ ન કરવામાં આવે તો EMD/ડીપોઝીટ રકમ જપ્ત કરી બ્લેકલિસ્ટ કરવા સુધીની કાર્યવાહી કારવામાં આવશે.

(૫૪) મંજુર રહેલ ટેન્ડર રકમ મુજબનુ કામ જો એક વર્ષ પહેલા પુર્ણ થઇ જાય તો એજન્સીએ આ મંજુર ભાવ મુજબ મહાનગરપાલિકા જણાવે તો મંજુરી તારીખથી એક વર્ષના સમય માટે કામગીરી કરવાની રહેશે.

(૫૫) ટેન્ડર ભરનારે ટેન્ડર કોપી ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઇટ https://bmcgujarat.comઉપરથી ડાઉનલોડ કરી ટેન્ડર સાથે જરૂરી ડોકયુમેન્ટ સાથે ભાવો ભરી પહોચતુ કરવાનું રહેશે.

વેટરનરી ઓફિસર
એ.એન.સી.ડી.વિભાગ
મહાનગરપાલિકા
ભાવનગર

ટેન્ડર ભરનારની સહી :-

ટેન્ડર ભરનારનું નામ અને સરનામુ:-

# પરિશિષ્ટ-૧

## એજન્સીએ સેવાઓ પૂરી પાડવા પૂર્વ લાયકાત ફોર્મ

| અ.ન | વિગતો | દસ્તાવેજની વિગત | જરૂરી ડોકયુમેન્ટસ બિડેલ છે કે કેમ ? | બિડેલ ડોકયુમેન્ટના પાના નં. |
|---|---|---|---|---|
| ૧ | (અ) ટેન્ડર ફી રૂ.૧૫૦૦/-નો ડી.ડી.<br>(બ) ઇએમડી રૂ.૫૦,૦૦૦/-ડી.ડી.,માંગ્યા મુજબ ભરેલ છે. | | | |
| ૨ | ટેન્ડર ભરનાર એજન્સીનું નામ તથા સરનામું | | | |
| ૩ | વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર,<br>(નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડવી) | | | |
| ૪ | લેબર લાયસન્સની વિગત (જો હોય તો અન્યથા કોન્ટ્રાકટ મળ્યેથી મેળવવાનુ રહેશે.) | | | |
| ૫ | P.F./ESI રજીસ્ટ્રેશનની વિગતો | | | |
| ૬ | ટેન્ડર ભરનાર એજન્સીની કોન્ટેકટ ડીટેલ | | | |
| | ટેલિફોન નંબર :- | | | |
| | મોબાઇલ નંબર :- | | | |
| | ઇ-મેઇલ આઇ.ડી. | | | |
| ૭ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર/GST રજી. નં.<br>(નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડવી) | | | |
| ૮ | આવકવેરા હેઠળ નોંધાયેલ PAN NO | | | |
| ૯ | એજન્સી કોઇપણ સરકારી કે બિન સરકારી સંસ્થાના ડીફોલ્ટ નથી તથા કોઇ પોલીસ કેસ કે રેકર્ડ પર નહી હોવાનું રૂ.300/-ના સ્ટેમ્પ પેપર પર ટેન્ડર ઓનલાઇન થયા પછી નોટરાઇઝડ ઓરીજનલ એકરાર નામુ રજુ કરવાનું રહેશે. | | | |
| ૧૦ | પશુ પકડવા, પશુ સારસંભાળ, પશુપાલનને લગત કામગીરીનો અનુભવ સર્ટી અથવા વર્કઓર્ડર રજુ કરવાનો રહેશે. | | | |

નોંધ : (૧) ઉકત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/પ્રમાણપત્ર અચૂક રજુ કરવા.જે સ્વપ્રમાણિત હોવા જોઇને. અધરી વિગતવાળા ટેન્ડર વિચારણામાં લેવામાં આવશે નહી.

(૨) ટેન્ડર પેપરના તમામ દસ્તાવેજો,કાગળો પર પેઢીનો રબ્બર સ્ટેમ્પ અને પાના નંબર લખી સહી કરવાના રહેશે.

વેટરનરી ઓફિસર
એ.એન.સી.ડી.વિભાગ
મહાનગરપાલિકા
ભાવનગર

# પરીશિષ્ટ-૨

ટેન્ડર નંબર :-

કામનું નામ :- ભાવનગર મહાનગરપાલિકાના તમામ વિસ્તારના રહેણાક તેમજ જાહેર રસ્તાઓ ઉપર સર્કલો,શાક માર્કેટ વિસ્તારોના રખડતા પશુઓ પકડવા અને પશુઓને પાંજરાપોળના વાહનમાં ચઢાવવા સહિતની કામગીરી

ટેન્ડર ફી રૂ.૧૫૦૦/-

## ભાવ પત્રક A

| ભાવ પત્રક | | | |
|---|---|---|---|
| | કામનુ નામ | રૂપિયા | શબ્દોમાં |
| ૧ | પશુ પકડવા માટેનો ભાવ(તમામ ખર્ચ સાથે) (એક પશુના) | | |
| ૨ | પકડવામાં આવેલ પશુને ઢોર ડબ્બા ખાતેથી પાંજરાપોળ/ગૌશાળા મોકલવા માટે ટ્રાન્સપોર્ટરના વાહનમાં ચડાવવાનો ભાવ(એક પશુના) | | |
| 3 | પશુ દુર કરવા માટે બેલદારના ભાવ (એક બેલદાર) | | |

Annexure-3

SPECIMEN SIGNATURE & PHOTOGRAPHS OF THE BIDDER

PAN NO.

.......................................................................................

Specimen Signature of the offered

Name and Address of partners if any.

1.____________________________________________

2.____________________________________________

3.____________________________________________

Residential Address :

Permanent Address :

CONFIRMATION

The above details furnished are correct and we have entered in ourselves.

(Name Of officer's Seal and signature)

Signature of the BIDDER

Veterinary Officer
Bhavnagar Municipal Corporation

# એલીજીબીલીટી ક્રાઇટેરીયાનું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ

| અ.ન | વિગતો | |
|---|---|---|
| ૧ | (અ) ટેન્ડર ફી રૂ.૧૫૦૦/-નો ડી.ડી.<br>(બ) ઇએમડી રૂ.૫૦,૦૦૦/-ડી.ડી., માંગ્યા મુજબ ભરેલ છે. | |
| ૨ | ટેન્ડર ભરનાર એજન્સીનું નામ તથા સરનામું | |
| ૩ | વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર,<br>(નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડવી) | |
| ૪ | લેબર લાયસન્સની વિગત (જો હોય તો અન્યથા કોન્ટ્રાકટ મળ્યેથી મેળવવાનુ રહેશે.) | |
| ૫ | P.F./ESI રજીસ્ટ્રેશનની વિગતો | |
| ૬ | ટેન્ડર ભરનાર એજન્સીની કોન્ટેકટ ડીટેલ | |
| | ટેલિફોન નંબર :- | |
| | મોબાઇલ નંબર :- | |
| | ઇ-મેઇલ આઇ.ડી. | |
| ૭ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર/GST રજી. નં.<br>(નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડવી) | |
| ૮ | આવકવેરા હેઠળ નોંધાયેલ PAN NO | |
| ૯ | એજન્સી કોઇપણ સરકારી કે બિન સરકારી સંસ્થાના ડીફોલ્ટ નથી તથા કોઇ પોલીસ કેસ કે રેકર્ડ પર નહી હોવાનું રૂ.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર પર ટેન્ડર ઓનલાઇન થયા પછી નોટરાઇઝડ ઓરીજનલ એકરાર નામુ રજુ કરવાનું રહેશે. | |
| ૧૦ | પશુ પકડવા, પશુ સારસંભાળ, પશુપાલનને લગત કામગીરીનો અનુભવ સર્ટી અથવા વર્કઓર્ડર રજુ કરવાનો રહેશે. | |